ગુજરાત રાજ્ય સેવા(તબીબી સારવાર) નિયમો,૧૯૮૮ અંતર્ગતનો તા.૦૩/૦૮/૧૯૯૨ નો ઠરાવ રદ કરવા બાબત.

ગુજરાત સરકાર

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ- તસખ/૧૦૨૦૧૮/મુમંક-૨/અ-૧

સચિવાલય, ગાંધીનગર.

તારીખ :- ૦૨/૧૨/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૨૪-૮-૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ એમએજી/૧૦૨૦૦૩/૨૭૧૨/અ (પા.ફા.) (તબીબી સારવારના નિયમો)

(૨) અધિક નિયામકશ્રી(તબીબી સેવાઓ) તા.૧૭/૧૦/૨૦૧૯ નો પત્ર.

(૩) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૩/૦૮/૧૯૯૨નો ઠરાવ ક્રમાંકઃએમએજી/૧૦૮૭/૭૨૧/અ.

આ મુ ખ :-

રાજ્ય સરકારના કર્મચારીઓ, અધિકારીઓ, પેન્શનરો અને તેમના આશ્રિતોને તબીબી સારવારનો લાભ આપવાના હેતુસર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં તા.૨૪-૦૮-૨૦૧૫ ના ઠરાવથી ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે હાલ અમલમાં છે. ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ તા.૨૪/૦૮/૨૦૧૫ થી અમલી બનતાં સદર ઠરાવમાં વંચાણે લીધેલ ૧૯૮૮નાં નિયમો સહિત કુલ ૪૦ ઠરાવો રદ કરેલ હતાં. જેમાં ઉપર વંચાણે લીધા ક્રમાંક (૩) સામેના તા.૦૩/૦૮/૧૯૯૨ નાં ઠરાવને જે તે સમયે વંચાણે લીધેલ નથી કે રદ કરેલ ન હોવાના લીધે પેન્શનરો અને કર્મચારીઓના કિડની/ડાયાલિસીસની તબીબી સારવારનાં મેડીકલ બિલોમાં પ્રતિ સહી કરવાની બાબતમાં અસમંજસ પ્રવર્તતી હતી. સદર બાબતે કર્મચારીઓ અને પેન્શનરો તરફથી વિભાગને વારંવાર રજૂઆતો કરવામાં આવેલ છે. તા.૦૩/૦૮/૧૯૯૨ નાં ઠરાવને રદ કરવાની બાબત સરકારશ્રીની સઘન વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

(૧) કાળજીપૂર્વકની વિચારણાને અંતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનાં ઠરાવ ક્ર. એમએજી/૧૦૮૭/૭૨૧/અ.તા.૦૩/૦૮/૧૯૯૨ ને રદ કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ ઠરાવ

રદ થવાથી જે કર્મચારીઓ/પેન્શનરોના બિલો મંજૂર થયેલ ન હોય કે રાહમાં રાખેલ હોય તેવા બિલો સબંધિત કચેરી મારફતે યોગ્ય રાહે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને સત્વરે મોકલવાના રહેશે.પડતર કેસોનો નિકાલ આ ઠરાવની જોગવાઇ મુજબ કરવાનો રહેશે.

(૨) કર્મચારી / પેન્શનર બંન્નેના કેસમાં સબંધિત કચેરી મારફતે ખાતાના વડાને ત્યારબાદ સબંધિત વહીવટી વિભાગના વડાના અભિપ્રાય સહ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને રજૂ કરવાના રહેશે.પેન્શનરના કિસ્સામાં સબંધિત કચેરી નિવૃતિ સમયની કચેરીને ગણવાની રહેશે.

(૩) આ પ્રકારની દરખાસ્ત અન્વયે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ તથા તા.૩૦/૦૮/૨૦૧૬ના ઠરાવની જોગવાઇઓ મુજબ રીએમ્બર્સમેન્ટ મળવાપાત્ર થશે.

(૪) ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો, ૨૦૧૫ તથા રીએમ્બર્સમેન્ટના અન્ય ઠરાવની જોગવાઇઓ યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૫/૧૧/૨૦૨૧ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ભક્તિ શામળ)
સરકારના નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સ્વર્ણિમ સંકુલ-૧-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સચિવાલયના સર્વે વહીવટી વિભાગો મારફતે ખાતાના વડાઓ અને સબંધિત કચેરીઓને મોકલવા સારૂ.).
- નાણાં સલાહકારશ્રી (આરોગ્ય) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ. (પત્ર દ્વારા).
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- રેસીડેન્સ કમિશ્નરશ્રી, ગુજરાત ભવન, ન્યુ દિલ્હી.
- માહિતી કમિશ્નરશ્રી, ગાંધીનગર.
- ભાષા નિયામકશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા રજીસ્ટારશ્રી, સહકારી મંડળીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ૧૭, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડ, ૧૮, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિયામકશ્રી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ.
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ઠરાવ વિભાગની વેબસાઇટ પર મુકવા માટે
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- સિલેક્ટ ફાઇલ.